Extra No. 304

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨જી ઓગસ્ટ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જજી/૧૧૭/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઇ-૧૫.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Service of Summons Rules, 2025

ગુજરાત સમન્સની બજવણી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૧૧૭/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૬૪ની પેટા-કલમ (૧)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સમન્સની બજવણી અને રજિસ્ટર નિભાવવાની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત સમન્સ બજવણી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) “પરિશિષ્ટ” એટલે આ નિયમો સાથે જોડેલ પરિશિષ્ટ;

(ખ) “ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર)” નો અર્થ સંહિતાની કલમ ૨(૧)(૮)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેનો થશે;

(ગ) “સંહિતા” એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો).

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, સંહિતામાં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.

૩. સમન્સની બજવણી.-

(૧) સંહિતાની કલમ ૬૪(૧) હેઠળ કાઢવામાં આવેલ સમન્સની બજવણી,-

(ક) પોલીસ અધિકારી દ્વારા; અથવા

(ખ) બેલીફ અથવા પ્રોસેસ (આદેશિકા) બજવણીદાર સહિત, કોર્ટના કોઈ અધિકારી દ્વારા;

- કરવી જોઈશે.

(૨) સમન્સ પર તે કાઢનાર કોર્ટનું સીલ (મહોર) હોવું જોઈશે અને ઈલેક્ટ્રોનિક સર્વિસ (બજવણી)ના કિસ્સામાં, સીલ ડિઝિટલ ઈમેજ (પ્રતિકૃતિ) અથવા સહી તરીકે અંકિત (એમ્બેડ) કરવું જોઈશે.

(૩) આ નિયમોના નિયમ ૫ માં ઠરાવ્યા પ્રમાણે, સમન્સની બજવણી રૂબરૂમાં, રજિસ્ટર્ડ પોસ્ટ, સ્પીડ પોસ્ટ, કુરિયર દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર) મારફતે કરી શકાશે.

૪. સમન્સનું રજિસ્ટર નિભાવવા બાબત.-

(૧) દરેક પોલીસ સ્ટેશનમાં, પરિશિષ્ટ-કમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું રજિસ્ટર નિભાવવું જોઈશે, જેમાં નીચેની વિગતો હોવી જોઈશે.-

(ક) કોર્ટનું નામ અને જે હોદ્દાથી સમન્સ કાઢ્યું હોય તે હોદ્દાનું નામ;

(ખ) તારીખ સહિત પ્રાપ્તિનો પ્રકાર (પ્રત્યક્ષ/ઈલેક્ટોનિક);

(ગ) જેને સમન્સ પાઠવવામાં આવેલ હોય તે વ્યક્તિનું પૂરું નામ;

(ઘ) પરિવારના સભ્યનું નામ (પરિવારની પુખ્ત વ્યક્તિને સમન્સ આપવામાં આવ્યું હોય, તો);

(ચ) સમન્સ/વોરંટ જેના નામે કાઢવામાં આવ્યું હોય તે વ્યક્તિનું હાલનું અને કાયમી સરનામું;

(છ) જેના પર વિવિધ કમ્યુનિકેશન એપ્લીકેશન્સ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે સમન્સ પાઠવવામાં આવતું હોય તે મોબાઈલ નંબર (અથવા બીજો કોઈ ટેલિફોન નંબર/ઈ-મેલ આઈડી) ;

(જ) કેસની વિગત;

(ઝ) સમન્સ બજાવવા માટે મુકરર કરવામાં આવેલ પોલીસ અધિકારીનું નામ અને હોદ્દો;

(ટ) સમન્સ ક્યારે બજાવવામાં આવ્યું તે તારીખ (રીત સહિત);

(ઠ) મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવાની તારીખ;

(ડ) અમલબજવણીની સ્થિતિ.

(૨) પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીએ, સમન્સ કાઢ્યાના અથવા બજાવ્યાના ૨૪ કલાકની અંદર નોંધો (એંટ્રી)અદ્યતન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

૫. ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર) મારફતે બજવણી.-

(૧) ઈમેઈલ અથવા ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિભાવવામાં આવતા સુરક્ષિત પોર્ટલ સહિત, વિવિધ ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર) મારફતે સમન્સની બજવણી કરી શકાશે.

(૨) ઈલેક્ટ્રોનિક સમન્સ,-

(ક) કોર્ટના ડિજિટલ સીલ અને સહી સાથે પીડીએફ ફોર્મેટમાં કાઢવું જોઈશે;

(ખ) રજિસ્ટરમાં નોંધાયેલા અથવા જેને સમન્સ મોકલવાનું હોય તે વ્યક્તિએ પૂરા પાડેલા ઈમેઈલ સરનામાં અથવા ફોન નંબર પર મોકલવું જોઈશે.

(૩) ઈલેક્ટ્રોનિક સર્વિસના પુરાવામાં ડિલિવરી પહોંચ અથવા વાંચન રસીદનો સમાવેશ થશે, જે પરિશિષ્ટ-કમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના રજિસ્ટરમાં નોંધવી જોઈશે.

૬. દેખરેખ અને અનુપાલન.-

(૧) પોલીસ સ્ટેશનના પોલીસ મથક અધિકારીએ સમયાંતરે સમન્સ રજિસ્ટરની જાળવણી અને આ નિયમોના પાલનની સમીક્ષા કરવી જોઈશે.

(૨) સમન્સની બજવણી કરનાર કોઈ અધિકારી દ્વારા કરવામાં આવેલ અપાલન અંગે શિસ્તવિષયક પગલાં માટે યોગ્ય અધિકારીને જાણ કરવી જોઈશે.

પરિશિષ્ટ-ક

(જુઓ નિયમ ૪(૧))

સમન્સ રજિસ્ટર માટેનો નમૂનો

અનુક્રમાંક	કોર્ટનું નામ અને જે વ્યક્તિ દ્વારા સમન્સ કાઢવામાં આવ્યું હોય તે વ્યક્તિના હોદ્દા નું નામ	ઈશ્યુ કર્યાની તારીખ સહિત પ્રાપ્તિનો પ્રકાર (પ્રત્યક્ષ/ ઈલેક્ટોનિક)	જેને સમન્સ મોકલવામાં આવેલ હોય તે વ્યક્તિનું પૂરું નામ	પરિવારના સભ્યનું નામ (પરિવારની પુખ્ત વ્યક્તિને સમન્સ આપવામાં આવ્યું હોય, તો)	સમન્સ આપવામાં આવ્યું હોય તે વ્યક્તિનું હાલનું અને કાયમી સરનામું	જેના પર વિવિધ કમ્યુનિકેશન એપ્લીકેશન્સ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે સમન્સ પાઠવવામાં આવતું હોય તે મોબાઈલ નંબર (અથવા બીજો કોઈ ટેલિફોન નંબર/ઈ-મેલ આઈડી)
૧	૨	૩	૪	૫	૬	૭

કેસની વિગત (ક) પ્રથમ માહિતી અહેવાલ (એફ. આઈ. આર.) નંબર (પોલીસ સ્ટેશનના નામ સાથે) (ખ) ગુનો (કઈ કલમ હેઠળ) (ગ) કેસ નંબર રેકર્ડ (સીએનઆર નંબર)	સમન્સ બજાવવા માટે મુકરર કરવામાં આવેલ પોલીસ અધિકારીનું નામ અને હોદ્દો	સમન્સ ક્યારે બજાવવામાં આવ્યું તે તારીખ (રીત સહિત-ઈલેક્ટ્રોનિક રીતે /પ્રત્યક્ષ રીતે)	મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થયાની તારીખ	મેજિસ્ટ્રેટ સમક્ષ અમલબજવણીની સ્થિતિ (તારીખ સાથે) (બજાવેલ છે/બજાવેલ નથી)	વિશેષ નોંધ
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.29 10:38:20 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar